# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

જા.નં. નકૃયુ/રજી/એડીએમ-૩.૨/૮૧૩૭-૧૭૬/૨૦૨૬ તા.૨૫/૦૯/૨૦૨૬

**વિષય–** **રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના વેટરનરી શિક્ષકો/ વૈજ્ઞાનિક/ડોકટરોને સાતમાં પગારપંચ મુજબ મુળ પગારના ૨૦%ના દરે Non-Practiceng Professional Allowance(NPPA)નો લાભ આપવા બાબત.......**

**સંદર્ભ–** **નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ),ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઇ–સરકાર ના પત્ર ક્રમાંક: ACD/e-file/2/2025/0944/k2 Section, તા.૦૯/૦૯/૨૦૨૬**

જય ભારત સાથે ઉપરોકત અન્વયે જણાવવાનું કે, સંદર્ભિત ઠરાવથી રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના વેટરનરી શિક્ષકો/વૈજ્ઞાનિક/ડોકટરોને સાતમાં પગારપંચ મુજબ મૂળ પગારના ૨૦%ના દરે Non-Practiceng Professional Allowance(NPPA)નો લાભ આપવા બાબતના ઠરાવની નકલ અત્રેની કચેરીમાં આવતા, આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે અન્વયે જાણ તથા તે મુજબ તેની અમલવારી કરવા આથી જણાવવામાં આવે છે.

**કુલસચિવ**

**નકલ જય ભારત સાથ રવાના:**

૧. માન કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી.ન.કૃ.યુ. નવસારી તરફ જાણ સારૂ.
૨. અત્રેનીયુનિવર્સિટીના તમામ કચેરી/વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ તથા અમલવારી કરવા સારૂ.
૩. હિસાબ નિયામકશ્રી, ન.કૃ.યુ. નવસારી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.

**નકલ રવાના:**

૧. આ કચેરીની એડીએમ-૧.શાખા તરફ જાણ થવા સારૂ.

રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના વેટરનરી શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડોક્ટરોને સાતમા પગારપંચ મુજબ મૂળ પગારના 20%ના દરે Non-Practicing Professional Allowance (NPPA) નો લાભ આપવા બાબત

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંકઃ- ACD/SEC/e-file/2/2025/0944/K2 Section - Agri Uni

સચિવાલય-ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૨૯/૦૫/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ-ગકવ/૧૦૨૦૦૨/SCA-15/ક.૨
૨. આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગનો તારીખ:૦૮/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક:એમસીજી/૧૦૨૧/૧૭૩૮/વ/જ
૩. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૦૯/૧૨/૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ-ACD/KPY/e-file/2/2024/1387/P3
૪. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો તા.૦૫/૦૨/૨૦૨૫નો પત્ર ક્રમાંકRJAU/MIS/e-file/396/2025/0013/ADM-1
૫. સહપ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદનો તા.૦૯/૦૨/૨૦૨૬ નો પત્ર ક્રમાંક:CSAU/PC/e-file/361/2025/0007/Administration

-

**આમુખઃ-**

આ વિભાગના તારીખ:૨૯/૦૫/૨૦૧૮ ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના વેટરનરી શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડૉક્ટરો અને અન્ય અધિકારીઓ કે **જેઓ B.V.Sc. & A.H. ની માન્ય ડિગ્રી ધરાવતા હોય,** તેઓને તા.૧૫/૦૯/૨૦૧૭ની અસરથી છઠ્ઠા પગારપંચ નોન પ્રાઈવેટ પ્રેક્ટીસિંગ એલાઉન્સ (NPPA) ને મંજૂરી આપવામાં આવેલ.

આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના તારીખ:૦૮/૦૪/૨૦૨૨ ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી જાહેર આરોગ્ય, તબીબી સેવા અને ઈ.એસ.આઈ.એસ. પ્રભાગ હેઠળના ઈન-સર્વિસ ડોક્ટર્સ એસોસિએશનના મેડિકલ ઓફીસરોને નોન પ્રાઈવેટ પ્રેક્ટીસિંગ એલાઉન્સ (NPPA) ને મંજુરી આપવામાં આવેલ.

આ વિભાગના તારીખ:૦૯/૧૨/૨૦૨૪ના સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી ગુજરાત રાજ્યની કામધેનુ યુનિવર્સિટીના વેટરનરી શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડોક્ટરો અને અન્ય અધિકારીઓને સતમાં પગારપંચ મુજબ ૨૦% નોન પ્રાઈવેટ પ્રેક્ટીસિંગ એલાઉન્સ (NPPA) ને મંજૂરી આપવામાં આવેલ.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તા.૦૫/૦૨/૨૦૨૫ના સંદર્ભ (૪) તથા રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના તા.૦૯/૦૨/૨૦૨૬ના સંદર્ભ (૫) હેઠળની દરખાસ્ત અન્વયે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના વેટરનરી શિક્ષકો/વૈજ્ઞાનિકો/તબીબી ડોક્ટરો અને અન્ય અધિકારીઓ જેઓ કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત જરૂરી લાયકાત ધરાવતા હોય અને ઓછામાં ઓછી કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત **માન્ય ડિગ્રી ધરાવતા હોય,** તેઓને સાતમા પગાર પંચ મુજબ બેઝિક પગારના 20%ના દરે Non Private Practice Allowance (NPPA)નો લાભ આપવા

બાબત અગેના દરખાસ્ત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વક વિચારણાને અંતે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના વેટરનરી શિક્ષકો/વૈજ્ઞાનિકો/તબીબી ડોકટરો અને અન્ય અધિકારીઓ કે જેઓ NPPA મેળવે છે તેઓને સાતમાં પગાર પંચ મુજબ મૂળ પગારના ૨૦% NPPA નો લાભ ઠરાવ થયા તારીખથી મૂળપગાર + NPPA ની રકમ રૂ.૨,૨૪,૫૫૦/- થી વધે નહી તે મુજબ NPPA નો લાભ આપવાની આથી અનુમતિ આપવામાં આવે છે.

**ઉપરોક્ત NPPAનો લાભ નીચેની શરતોને આધીન રહેશે:-**

**શરતો:-**

1. સંબંધિત કર્મચારીના Basic Pay + NPPAની કુલ રકમ **રૂ.૨,૨૪,૫૫૦/- કરતાં વધુ ન થાય** તે સંબંધિત કૃષિ યુનિવર્સિટીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.
2. કૃષિ યુનિવર્સિટીઓના વેટરનરી શિક્ષકો/વૈજ્ઞાનિકો/તબીબી ડૉક્ટરો અને અન્ય અધિકારીઓ NPPA મેળવતા હશે અને ખાનગી પ્રેક્ટિસ કરતા હોવાનું માલુમ જણાય તો તેઓની સામે નિયમોનુસાર ઝડપી તપાસ/શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરી NPPA બંધ/રીકવરી કરવાની રહેશે.
3. દર માસે NPPA મેળવતા અધિકારીએ જે તે માસ દરમિયાન કોઈપણ પ્રકારની ખાનગી પ્રેક્ટિસ કરેલ નથી તેવી બાંહેધરી આપવાની રહેશે ત્યારબાદ જ તે માસનો પગાર તથા NPPA ચૂકવવાનું રહેશે.
4. સરકાર માન્ય નિર્ધારિત પાત્રતા ધરાવતા વેટરનરી શિક્ષકો/વૈજ્ઞાનિકો/તબીબી ડોકટરો અને અન્ય અધિકારી સિવાય અન્ય કોઈ કર્મચારી/અધિકારીને NPPAનો લાભ ચૂકવવામાં ન આવે તેની જવાબદારી સંબંધિત કૃષિ યુનિવર્સિટીના સક્ષમ અધિકારીની રહેશે.
5. સાતમાં પગારપંચ મુજબના NPPAનો લાભ આ **ઠરાવની તારીખથી જ મળવાપાત્ર રહેશે**. અગાઉના સમયગાળા માટે કોઈ તફાવત/એરિયર્સ ચૂકવવાના રહેશે નહીં.
6. NPPAની ચુકવણી અંગે ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમો, નાણા વિભાગના ઠરાવો/પરિપત્રો તથા સમયાંતરે બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
7. ઉપરોક્ત તમામ સુચનાઓનું પાલન થાય તે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના સક્ષમ અધિકારી દ્વારા સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૨,૦૬.૨૦૨૬ની નોંધ તેમજ સરકારશ્રીની તા.૨૯.૦૮.૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સમીર જોષી)

નાયબ સચિવ ( કૃષિ યુનિ.)

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

1. માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
3. માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
4. માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

5. અધિક સચિવશ્રી(નાણા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6. સચિવશ્રી(આ.બા) ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
7. અગ્ર સચિવશ્રી(કૃષિ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
8. કુલસચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ, આણંદ, જૂનાગઢ, નવસારી અને દાંતીવાડા
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ.
10. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબ, ગાંધીનગર
11. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
12. રેસીડેન્ટ ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ.
13. સેક્શન અધિકારીશ્રી, પગાર એકમ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
14. સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
15. સેક્શન અધિકારીશ્રી, આઈ.ટી.સેલ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર... તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવાની વિનંતી સહ.
16. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
17. શાખા સીલેકટ ફાઈલ

Signature valid

Signed by:S D Joshi
Deputy Secretary
Date:2026.09.09
18:05:26 +5:30